# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 12-06-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ રાજ્યના અનેક જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી. – મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો.
- ✓ બનાસકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો વિજય થતા હવે 13 જૂને ધારાસભ્ય પદેથી રાજીનામું આપશે.
- ✓ રાજકોટના 12 કેન્દ્ર પર 16 જૂને UPSCની પ્રિલિમીનરી પરીક્ષા યોજાશે.
- ✓ ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ ગુણચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલી આખરી સુધારા દર્શાવતો અહેવાલ 21 જૂન સુધી બૉર્ડની વેબસાઈટ પર જોઈ શકશે
- ✓ વડનગર, કચ્છનું હોડકો તથા સાબરમતી રિવરફ્રન્ટને વિવિધ શ્રેણીમાં એશિયા બિગેસ્ટ ટુરિઝમ એવોર્ડ એનાયત.
- ✓ અમદાવાદમાં નવા શૈક્ષણિક સત્ર પહેલા સ્કૂલવાનના ભાડામાં મહિને 200 રૂપિયા તો રિક્ષાભાડામાં 100 રૂપિયાનો વધારો

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, વલસાડ, દીવ, દમણ, દાદરા નગરહવેલી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં અનેક જગ્યાએ વરસાદી ઝાપટાં બાદ મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ પર નોંધાયું હતું. જ્યારે રાજકોટ અને બનાસકાંઠાના ડીસામાં 42 ડિગ્રી, અમદાવાદ, ભુજ, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડિગ્રી, અમરેલીમાં 40 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું.

.................

## DAMAN PREMONSOON

ચોમાસાને ધ્યાનમાં રાખી દાદરા નગર હવેલી જિલ્લા વહીવટી તંત્ર વિકટ પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જ છે.

દાદરા નગર હવેલી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી દ્વારા જિલ્લા કલેક્ટર કાર્યાલયમાં પૂર નિયંત્રણ કક્ષ શરૂ કરાયો છે. આ નિયંત્રણ કક્ષ ચોવીસ કલાક કામ કરશે. જેમાં દૈનિક વરસાદનું માપ, નજીકના ડેમમાંથી  છોડાતા પાણીના પ્રમાણ ઉપર નજર રાખવામાં આવશે. સાથે જ ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ઉભી થતી આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે વિવિધ વિભાગો સાથે સમન્વય કરવાનું કામ અહીંથી થશે.

.................

## GANIBEN RESIGN

બનાસકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો વિજય થતા હવે તેઓ વાવ બેઠક પર ધારાસભ્ય પદેથી આગામી 13 જૂને રાજીનામું આપશે.

ગેનીબેન ઠાકોર લોકસભા ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસ તરફથી ચૂંટાયેલાં એક માત્ર સાંસદ છે. તેમની જીત સાથે દસ વર્ષ બાદ રાજ્યમાં લોકસભામાં કોંગ્રેસને પ્રતિનિધિત્વની તક મળી છે.

.................

## SHAPATH

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભાની પેટાચૂંટણીમાં ચૂંટાયેલા પાંચ ધારાસભ્યો ગઇકાલે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રીમડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલા આ શપથવિધિ સમારોહમાં વિજાપુરથી ચૂંટાયેલા ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા, પોરબંદર બેઠકથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતમાંથી ચિરાગ પટેલ અને વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથગ્રહણ કર્યા હતા.

.................

## UPSC _RAJKOT

સંઘ લોકસેવા આયોગ-UPSC દ્વારા 16 જૂન, રવિવારના રોજ યુ.પી.એસ.સી. સિવીલ સર્વીસીસની પ્રિલિમીનરી પરીક્ષા, રાજકોટ જિલ્લાના 12 કેન્દ્રો ખાતે યોજાશે.

આ અંગે જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. વધુ માહિતી માટે ૦૨૮૧- ૨૪૭૬૮૯૧ પર સંપર્ક કરી શકાશે.

પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોનો પ્રવેશ ૩૦ મિનીટ પહેલા બંધ કરવામાં આવશે. ઉમેદવાર ઈ-એડમીટ કાર્ડ સાથે પ્રવેશ મળશે. વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોન, અન્ય આઇ.ટી, કે ઇલેક્ટ્રોનિક્સ ગેજેટસ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઇ કિંમતી વસ્તુઓ કેન્દ્ર પર લઈ જઈ શકાશે નહીં. ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, ઓળખપત્ર અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકે છે.

.................

## Gujarat board Gun chakashani

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે અખબારી યાદીમાં જણાવ્યું કે, ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર

ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમ પ્રવાહની પરીક્ષાના પરિણામ બાદ ગુણચકાસણી માટે નિયત સમયમર્યાદામાં અનેક અરજીઓ મળી હતી.

આ અરજીઓ બાદ ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલી આખરી સુધારા દર્શાવતો અહેવાલ બૉર્ડની વેબસાઈટ www.gseb.org પર મુકવામાં આવ્યો છે. ઉમેદવારોએ આગામી 21મી જૂન સુધી તેમના દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો ભર્યા બાદ લૉગ-ઇન કરી અહેવાલ ડાઉનલૉડ કરવાનો રહેશે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................

## Ambaji Mandir Prasadi

અંબાજી મંદિર ટ્રસ્ટે નિર્ણય કર્યો છે કે, કોઇપણ જાતના કુરિયર ચાર્જ વિના અંબાજી માતાજીની ધજા શ્રદ્ધાળુઓને ઘેર બેઠાં પહોંચાડવામાં આવશે.

આ અંગે મંદિરના ઇન્સપેકટરના નંબર 97260 86482 પર સંપર્ક કરવો.

બનાસરકાંઠા જિલ્લાના અધિક કલેકટર અને અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર કૌશિક મોદીએ આકાશવાણી સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-કૌશિક મોદી)

.................

## Tourism award season

અમદાવાદના આઈકોનિક રિવરફ્રન્ટ ઇવેન્ટ ખાતે એશિયા બિગેસ્ટ ટૂરિઝમ એવોર્ડ સીઝન 6માં પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા અને કૃષિ મંત્રી રાઘવજી પટેલે અગ્રણીઓને પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

આ પુરસ્કાર સમારોહમાં આઈકોનિક ટૂરિઝમ ડેવલમેન્ટ પ્રૉજેક્ટની શ્રેણીમાં સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપેન્ટ કૉર્પોરેશન લિમિટેડને એવોર્ડ મળ્યો. જ્યારે અન્ય એક એવોર્ડ વડનગરના વિકાસ માટે ગુજરાત પ્રવાસનને યુનિક ઈનિશિએટિવ ઑફ ટૂરિઝમ ડેસ્ટિનેશન શ્રેણીમાં અપાયો. હોડકો ગામના સરપંચને બેસ્ટ ટૂરિઝમ વિલેજ ફૉર હોમ–સ્ટેની શ્રેણી સહિત વિવિધ 13 જેટલી શ્રેણીમાં પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

આ પ્રસંગે મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, આપણું ગુજરાત એશિયાટિક સિંહોના વસવાટનું સ્થળ, વૈવિધ્યસભર જીવસૃષ્ટિ, વિશાળ દરિયાકિનારો, હેરિટેજ શહેર, બ્લ્યૂફ્લેગ બીચ ધરાવતું પ્રવાસનની દૃષ્ટિએ અનોખું રાજ્ય છે. આજે ગુજરાતમાં વિદેશી પ્રવાસીઓને અનુકૂળ વાતાવરણ સર્જાયું છે, જેના પરિણામે ગત વર્ષે વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે.

.................

## ITI PORBANDAR BHARTI MELO

પોરબંદર ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આવતીકાલે સરકારી સંસ્થા ગુજરાત મેરિટાઈમ બૉર્ડ પોરબંદર દ્વારા એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં સ્થળ પર જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. એટલે ધોરણ 10–12 પાસ, સ્નાતક ઉમેદવારોએ સવારે 10 વાગ્યે I.T.I.માં સ્થળ પર જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવનાર હોય જેથી 10 પાસ, 12 પાસ, ગ્રેજ્યુએટ તેમજ આઈ.ટી.આઈ. ફિટર, વાયરમેન, ઇલેક્ટ્રીશિયન, વેલ્ડર કરેલ ઈચ્છુક ઉમેદવારોએ સવારે 10 વાગ્યે I.T.I. પોરબંદર ખાતે પોતાના અસલ દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવું પડશે.

.................

## AHMEDABAD VAHAN BHADU

રાજકોટ ગેમઝોન અગ્નિ દુર્ઘટના બાદ તમામ જિલ્લાઓમાં ઇમારતો સહિત વાહનોમાં પણ સલામતીના પગલાને લઈને નિયમો કડક બન્યા છે.

જેને જોતા આરટીઓમાં વધતા ખર્ચને કારણે અમદાવાદ સ્કૂલ વર્ધી અસોસિએશને સ્કૂલ વાહનોના ભાડામાં વધારો કર્યો છે. જે અનુસાર સ્કૂલ વાનમાં એક કિલોમીટર દીઠ 200 રૂપિયા અને સ્કૂલ રિક્ષામાં કિલોમીટર દીઠ 100 રૂપિયા ભાડું વધારવાનો નિર્ણય કરાયો છે. છેલ્લે વર્ષ 2021માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. 13 જૂનથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ રહી છે, આ નવા સત્રથી વાલીઓએ આ ભાવ વધારો આપવાનો રહેશે.

.................

## Rajkot Collector

રાજકોટમાં બાળ સુરક્ષા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે પી.એમ.કેર્સ યોજનાના 54 લાભાર્થી બાળકો સાથે "હું હીરો છું"ની થીમ પર "મીટ વીથ કલેક્ટર" કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટના કલેક્ટર પ્રભવ જોશીએ કોરોનાકાળ દરમિયાન માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર 54 જેટલા બાળકો સાથે તેમના અભ્યાસ, શોખ, કપડાં, ભોજનના ગમા-અણગમા તેમજ અન્ય બાબતો અંગે સંવાદ કર્યો હતો.

કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓને પોતાના રસ મુજબના ક્ષેત્રમાં આગળ વધીને દેશના હિતાર્થે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

.................

## Jahernamu - mahisagar

મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો અને જિલ્લા/તાલુકા સેવા સદન કે કોઈ પણ સરકારી કચેરીઓની બહાર કે સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજયામાં વગર પરવાનગીએ ધરણા, ભૂખ હડતાળ, ઉપવાસ વગેરે કરવા પર તાત્કાલિક ધોરણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

જે આગામી 25 જૂન સુધી અમલમાં રહેશે. જિલ્લામાં શાંતિનો ભંગ ન થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામું ફરજ પર હજાર સરકારી કર્મચારી, રોજગારમાં હોય તે વ્યક્તિ, ગૃહ રક્ષક દળની વ્યકિતઓને, લગ્ન વરઘોડો, સ્મશાનયાત્રા તેમજ પરવાનગી આપવામાં આવી હોય અને સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાનને લાગુ પડશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે.

.................